" સાફલ્યગાથા "

તા.૨૪/૦૯/૨૦૧૮ થી તા.૩૦/૦૯/૨૦૧૮

**મુદ્દા નંબર (૧) જો જિલ્લા કક્ષાએ કોઇ ખોવાયેલ બાળકો માટે ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હોય, કે અન્ય સારી કામગીરી માટે ઝુંબેશ ચલાવવામાં આવી હોય.**

❖ ગુમ થયેલ બાળકોના ફોટાઓ પ્રસિધ્ધ કરવા, મુળ સરનામે મીસીંગ સેલની ટીમો મોકલી વધુમાં વધુ ગુમ થયેલ વ્યકિત/બાળકો શોધી કાઢવા પ્રયત્નો ચાલુ છે.

❖ ગુમ થયેલ વ્યકિત/બાળકો ના ફોટાઓ જિલ્લાની " સેતુ " એપ્લીકેશન ઉપર અપલોડ કરી બહોળી પ્રસિધ્ધ કરવામાં આવે છે.

❖ ગુમ થયેલ બાળકોને શોધવા વેબસાઇટ http://trackthemissingchild.gov.in/missing/ index.php ઉપર ગુમ થયેલા અને પરત મળેલ બાળકોની ઓનલાઇન એન્ટ્રી કરવામાં આવે છે.

❖ **કામરેજ પો.સ્ટે I ૨૭૪/૨૦૧૮ ઇ.પી.કો કલમ ૩૬૩,૩૬૬ મુજબ ના કામે અપહરણ થનાર અનિતા ઉર્ફે ચુટકી d/o મુન્તીસિંગ હુકમસિંગ જાટ રહે,ઉભેળ રાજારામજી રેસીડેંસી તા કામરેજ નાની તા.૨૯/૦૯/૨૦૧૮ ના રોજ પરત મળી ગયેલ છે.**

❖ **કામરેજ પો.સ્ટે ગુમજા.જો.નં ૩૫/૨૦૧૮ ના કામે ગુમ થનાર રામલાલ હંસરાજ તૈલી રહે, વાવ શ્રીજી સોસા. તા.કામરેજ તા.૨૯/૦૯/૨૦૧૮ ના રોજ પરત મળેલ છે.**

❖ **પલસાણા પો.સ્ટે ગુમ જા.જો.નં ૧૦/૨૦૧૮ ના કામે ગુમ થનાર ગોપાળભાઇ રાજેન્દ્રભાઇ બિશ્નોઇ રહે, બગુમરા સિલવર પોઇન્ટ રેસી ડેન્સી તા.પલસાણા જી.સુરતનાનો તા.૨૯/૦૯/૨૦૧૮ના રોજ પરત મળી આવેલ છે.**

❖ **પલસાણા પો.સ્ટે ગુમ જા.જો.નં ૧૧/૨૦૧૮ ના કામે ગુમ થનાર હિરાલાલ કાવુભાઇ વળવી રહે, ઇટાળવા વિનસ એન્ટરપ્રાઇઝના પ્રા.લી.ના કંપાઇન્ડમાં તા.પલસાણાનાનો જી.સુરતનાનો તા.૨૯/૦૯/૨૦૧૮ના રોજ પરત મળી આવેલ છે.**

**❖ જિલ્લામાં બનેલ વિવિધ ગુનાઓમાં પકડી પાડેલ આરોપીની માહિતી**

❖ **મહુવા પો.સ્ટે. I ગુ.ર.નં. ૫૧/૨૦૧૮ ઇ.પી.કો કલમ ૩૦૨, GPAct કલમ ૧૩૫ મુજબ ના ગુનાના કામે આરોપી રોશનભાઇ અંતુભાઇ પટેલ રહે.ઉમરા સાંધરા ફળીયુ તા.મહુવા જી.સુરતનાઓને તારીખ. ૨૪/૦૯/૨૦૧૮ કલાક:૦૪/૦૦ વાગે અટક કરેલ છે.**


❖ **કામરેજ પો.સ્ટે I-261/2018 ઇ.પી.કો.કલમ ૩૨૩,૩૨૪,૫૦૪,૫૬(૨),૧૧૪ મુજબના આરોપીઓ (૧)ઉસામા ઉસ્માન ગની સિદાત(૨) ઉસ્માનગની ઇબ્રાહીમ સિદાત રહે. કઠોર ખટકી ફળીયુ તા.કામરેજ જી.સુરત સાકીર હસીમ વાહેદ રહે. કઠોર માયાત ફળીયુ તા.કામરેજ જી.સુરત ઓને તારીખ. ૨૪/૦૯/૨૦૧૮ કલાક-૨૨/૦૦ વાગે અટક કરેલ છે.**

❖ **ઓલપાડ I-૧૧૫/૧૮ IPC કલમ ૩૦૨,૩૦૭,૩૨૪,૨૭૯,૩૩૭,તથા M.V.act ૧૭૭,૧૮૪,તથા GP ACT કલમ ૧૩૫ મુજબના ગુનાના કામે આરોપી ચૈતન્ય ઉર્ફે ચેતન મહેન્દ્રભાઇ રાવલ રહે બી-૫૧ મારૂતીધામ સોસા.ઉમરા ગામ તા ઓલપાડ જી સુરત મૂળ રહે માડાસણ ગામ તા જીમ જોધપુર જી જામનગર તા-૨૪/૦૯/૨૦૧૮ના રોજ અટક કરવામાં આવેલ છે.**

❖ **બારડોલી I ગુ.ર.નં.૧૨૧/૨૦૧૮ ઈ.પી.કો.કલમ ૩૦૨,૧૨૦(બી),૧૪૩,૧૪૭,૧૪૯,૩૪ મુજબના ગુનાના કામે આરોપીઓ - (૧) પરેશભાઈ સોમાભાઈ રાઠોડ રહે. હાલ ટીમ્બરવા ફાટક ફળીયુ તા.બારડોલી જી.સુરત મુળ રહે.તુંડી (એના) મંદિર ફળીયુ તા.પલસાણા જી.સુરત (૨) રાહુલ ઉર્ફે મેહુલ લક્ષ્મણભાઈ રાઠોડ રહે. ટીમ્બરવા પટેલ ફળીયુ તા.બારડોલી જી.સુરત (૩) સુરેશભાઈ ભુટાભાઈ રાઠોડ રહે.ટીમ્બરવા**

પટેલ ફળીયુ તા.બારડોલી જી.સુરત (૪) કિશનભાઈ પ્રવિણભાઈ રાઠોડ રહે.ટીમ્બરવા ફાટક ફળીયુ તા.બારડોલી જી.સુરત (૫) સુરેશભાઈ રમણભાઈ રાઠોડ રહે.ટીમ્બરવા ફાટક ફળીયુ તા.બારડોલી જી.સુરત નાઓને તારીખ ૨૬/૦૯/૨૦૧૮ કલાક- ૨૩/00 વાગે અટક કરેલ છે.

- માંડવી I-૮૯/૨૦૧૮ ઇ.પી.કો. કલમો ૩૬૬, ૩૭૬ મુજબ રાહુલ ગનજીભાઇ ચૌધરી રહે.જુના કાકરાપાર ઉપલુ ફળિયુ તા.માંડવી જી.સુરત ૨૬/૦૯/૨૦૧૮ કલાક ૨૧/૧૫ વાગે અટક કરેલ છે.
- માંડવી I-ગુ.ર.ન.,૯૧/૨૦૧૮ ઇ.પી.કો કલમ ૩૨૫,૫૦૪,૩૩૭,૧૧૪ મુજબના ગુનાના કામે આરોપી સુનિલભાઈ શંકરભાઈ કોટવાળીયા રહે . કુલવાડી નવાપરા ફળિયુ. તા. માંડવી જી. સુરત તા,૨૭/૦૯/૨૦૧૮ ના કલાક,૨૩/30 વાગે અટક કરેલ છે.



-: પ્રેસ નોટ :-

**રાજસ્થાનના જયપુર સીટીના આદર્શનગર પોલીસ સ્ટેશનના ઠગ આરોપીઓને મુદ્દામાલ સાથે ઝડપી પાડતી પલસાણા પોલીસ**

આજરોજ ઇન્ચાર્જ પોલીસ સબ ઇન્સપેક્ટર પી.બી.પઢેરીયા પલસાણા પોલીસ સ્ટેશન નાઓની નાઓની સુચના અને માર્ગદર્શન આપેલ કે, રાજસ્થાન રાજ્યના જયપુર સીટીના આદર્શનગર પોલીસ સ્ટેશન ગુ.ર.નંબર-૦૩૫૦/૨૦૧૮ ઇ.પી.કો.કલમ-૪૨૦ મુજબના ગુનાના આરોપીઓ (૧) શીવમ રમેશ પાંડે ઉં.વ.૨૩ તથા (૨) રમેશ હરીશંકર પાંડે ઉં.વ.૪૨ બંને રહે.જયભોલે પાન સેન્ટરની દુકાન રાજપાર્ક આદર્શનગર.જયપુર (રાજસ્થાન ) નાઓએ તા-૨૭/૦૯/૨૦૧૮ ના રોજ ફરીયાદી શ્રી પ્રશાંત અનિલકુમાર શર્મા ઉં.વ.૨૬ રહેવાસી.૧૯ મુખ્યનગર સોઢાલા,જયપુર શહેર દક્ષિણ ( રાજસ્થાન ) નાઓની જય બાલાજી એક્ષ્પોર્ટ નામની જ્વેલર્સની દુકાનમાથી સોના ચાંદીના ઘરેણા તથા ચાંદીની મુર્તિઓ મળી કુલે કિંમત રૂપિયા ૫,૬૩,૨૦૦/-ના મત્તાની ખરીદી કરી ફરીયાદીને મહિન્દ્રા કંપનીના બેન્કનો ચેક આપી રાતોરાત પોતાનુ ઘર ખાલી કરી ફરીયાદી સાથે ઠગાઇ કરી ગુજરાત રાજ્યમાં ભાગી ગયેલ છે.જે આરોપીઓ પલસાણા તાલુકાના જોળવા જી.આઇ.ડી.સી.વિસ્તારમા હોવાનુ રાજસ્થાન પોલીસે આવી જણાવેલ છે.જેથી તેઓની સાથે તપાસમા રહી આરોપીઓને શોધવા માટે બનતા સઘન પ્રયત્નો કરવા જણાવેલ હોય જે સુચના આધારે પલસાણા પોલીસ સ્ટેશનના એ.એસ.આઇ.રતીલાલ નગીનભાઇ બ.ન.૭૩૬ તથા અ.હે.કો.ચિરાગભાઇ જયંતીલાલ બ.ન.૯૦૮ તથા અ.હે.કો.વિરલભાઇ બળવંતભાઇબ.ન.૮૯૬ તથા પો.કો આતીશભાઇ સોમાભાઇ બન ૩૬૪ નાઓ રાજસ્થાનના જયપુર શહેરના આદર્શનગર પોલીસ કર્મચારીઓની સાથે મળી સંયુક્ત રીતે જોળવા જી.આઇ.ડી.સી.મા જઇ આરોપીના મોબાઇલ નંબર આધારે લોકેશન મેળવી આરોપીઓ અંગે ખાનગી બાતમીદારો થકી ચોક્કસ માહિતી મેળવેલ કે, આ ગુનાના બંને આરોપીઓ બગુમરા ગામની સીમમાથી પસાર થતી નહેરની બાજુમા આવેલ સિધ્ધિ વિનાયક રેસીડેન્સીમા પ્લોટ નંબર-૨૪૨ માં ભાડેથી રહેતા હોય જેથી સદર મકાનમા જઇ ઉપરોક્ત બંને આરોપીઓને ઝડપી પાડી તેઓની પુછ પરછ કરતા તેમણે પોતાના ઘરમા ઉપરોક્ત ગુનાનો ઠગાઇથી મેળવેલ સોના ચાંદીના દાગીના તેમજ ચાંદીની મુર્તિઓ તેમજ ઇલેક્ટ્રોનિકસ વસ્તુઓ તથા રોકડા રૂપિયા સંતાડી રાખેલ હોવાની કબુલાત કરતા તેઓ પાસેથી કુલ રૂપિયા ૫,૬૩,૨૦૦/- નો મુદ્દામાલ પૈકી સોનાના દાગીનાની કિં.રૂ.-૩,૦૧,૦૦૦/- તથા ચાંદીના દાગીના તથા મુર્તિઓ કિં.રૂ.૫૩,૧૦૦/-તથા રોકડા રૂપિયા-૬૭,૦૦૦/- તથા અલગ અલગ ઇલેક્ટ્રોનિક્સ વસ્તુઓ કિં.રૂ.૨૫,૦૦૦/-મળી કુલે રૂપિયા-૪,૪૬,૧૦૦/-નો મુદ્દામાલ બંને આરોપીઓ પાસેથી રીકવર કરી આરોપીઓને ઝડપી પાડી સરાહનીય કામગીરી કરવામા આવેલ છે.



## <u>પ્રેસ નોટ</u>

**<u>તા-૨૮/૯/૨૦૧૮ ના રોજ ખોડીયાર પેટ્રોલપંપ ની પાછળ ખુલ્લી જગ્યા માથી ટેન્કર માથી કેમીકલ ચોરી કરતા ઈસમોને પકડી પાડતી કોસંબા પોલીસ</u>**

મે.પોલીસ મહનિરીક્ષક શ્રી સુરત વિભાગ સુરત તથા શ્રી હેતલબેન પટેલ ઈ.પોલીસ અધિક્ષક સુરત ગ્રામ્ય સુરત તથા શ્રી એસ.કે.વાળા વિભાગીય પો.અધિ.શ્રી સુરત વિભાગ સુરત નાઓની સુચના મુજબ હાઈવે ઉપર થી પસાર થતા ટેન્કરો માથી ચોરી થતુ કેમીકલ અંગેની તપાસમા રહીને કેમીકલ ચોરી થી લેનાર ટોળકીઓને પકડી પાડવાની આપેલ સુચના આધારે તાબાના પોલીસ માણસોને અમોએ આ અંગે સુચના આપેલ હોય જેથી આજરોજ તા-૨૮/૯/૨૦૧૮ ના રોજ પાલોદ ચોકી ઉપર ફરજ બજાવતા ASI – ગુલાબભાઈ ચિન્દાભાઈ નાઓને બાતમી મળેલ કે, મૌજે કોસંબા ગામની સીમમા હાઈવે ઉપર આવેલ ખોડીયાર પેટ્રોલપંપ ની પાછળ ખુલ્લી જગ્યામા કેમીકલ ભરેલ ટેન્કર નં - GJ-12-BT-1383ના ચાલક તથા ક્લીનર પોતાના કબજાનુ ટેન્કર ઉભુ રાખીને ટેન્કર ના પાછળ ના વાલ ના નટ બોલ્ટ ખોલીને કેમીકલ કાઢી તેની ચોરી કરીને અન્ય બીજા બે ઈસમોને પ્લાસ્ટીક ના બેરલો તથા કેરબામા ભરી આપીને જગ્યા ઉપર હાજર આઈશર ટેમ્પા નં - GJ-23-Y-9969 મા મુકતા આવેલ હોવાની મળેલ બાતમી આધારે બીજા પોલીસ ના માણસો સાથે તપાસ કરતા જગ્યા ઉપર કેમીકલ ભરેલ ટેન્કર નં - GJ-12-BT-1383 નો ચાલક - અવધેશ પરાગ પાલ જાતે ગડરીયા ઉ.વ. ૨૩ મુળ રહે.યુ.પી તથા કલીનર - ગુલફામખા નવાબખા ખાન ઉ.વ. ૧૯ નાઓ પોતાના કબજાના ટેન્કર ના પાછળ ના નટ બોલ્ટ ખોલીને તેમાથી કેમીકલ કાઢી તેની ચોરી કરીને જગ્યા ઉપર કેમીકલ લેનાર હાજર બે ઈસમો જગદીશ નેનાદાસ વૈષ્ણવ ઉ.વ. ૩૭ રહે.રાજસ્થાન તથા હારૂન મહમદ મલ્લા ઉ.વ. ૪૪ રહે.સુરત નાઓને વેચાણ થી આપતા પકડાઈ ગયેલ જેથી આ અંગે કેમીકલ ભરેલ ટેન્કર ના માલિક ને જાણ કરતા તેઓ જગ્યા ઉપર આવીને ટેન્કર ના ચાલક તથા કલીનર નાઓએ પોતે પોતાના અંગત લાભ માટે ટ્રાનસપોર્ટ તથા કેમીકલ મંગાવનાર તથા કેમીકલ ભરાવનાર નાઓની કોઈ પણ જાતની પરવાનગી વગર ટેન્કર માથી કેમીકલ કાઢીને તેની ચોરી કરી વિશ્વાસઘાત તથા છેતરપિંડી કરેલ હોવાથી તેઓ તથા કેમીકલ લેનાર બન્ને ઈસમો તથા કેમીકલ મંગાવનાર જીતુભાઈ ઉર્ફે મલ્લા રહે.કામરેજ જી.સુરત નાઓ વિરુધ્ધ ફરીયાદ આપતા કોસંબા પોલીસે જગ્યા ઉપર થી ટેન્કર માથી કાઢીને પ્લાસ્ટીકના નંગ – ૨ બેરલ મા ભરેલ કુલ – ૩૨૦ લીટર કેમીકલ કિ.રૂ.૩૨,૦૦૦/- તથા ખાલી બેરલો તથા પ્લાસ્ટીક ના કેરબા તથા કેમીકલ કાઢવાના સાધનો તથા આઈશર ટેમ્પા નં - GJ-23-Y-9969 મળી કુલ્લે રૂ. રૂ.૭,૪૨,૫૦૦/- ના મુદ્દામાલ સાથે આરોપીઓને પકડી પાડી તેઓ વિરુધ્ધ કાયદેસર કાર્યવાહી કરવામા આવેલ છે.



હોવાથી તેમ બને છે. ... વાતો કરી હતી. શા

ગુજરાતમિત્ર
નવા ગુજરાત દર્પણ

... પણ નૈતિકતા અંગેની ... આભારવિધિ કરી હતી.

## કીમ પોલીસ સ્ટેશનના સ્ટાફે માનવતા મહેંકાવી




કીમ: કીમમાં રહેતા અને હેડ કોન્સ્ટેબલ તરીકે કીમ પોલીસ મથકમાં ધર્મેન્દ્રસિંહ હરિવંશસિંહ સોમવંશી ફરજ બજાવતા હતા. છેલ્લા ૨૮ વર્ષથી વિવિધ પોલીસ મથકમાં ફરજ બજાવતા ધર્મેન્દ્રસિંહ સોમવંશી છેલ્લા કેટલાક દિવસથી બીમારીમાં સપડાતા અંતે તેમનું દુઃખદ અવસાન થયું હતું. ત્યારે પરિવારને આર્થિક રીતે મદદરૂપ થઈ કીમ પોલીસ મથકના સ્ટાફે માનવતા મહેકાવી હતી. કીમ પીએસઆઈ એ.એ. ચાવડા અને તમામ કીમ પોલીસ મથકના સ્ટાફે ભેગા મળી રકમ એકત્ર કરી પરિવારને અર્પણ કરવાનો નિર્ણય કર્યો હતો. કીમ પોલીસે રૂપિયા ૪૧ હજારની રોકડ સહાય પરિવારને અર્પણ કરી હતી. ધર્મેન્દ્રસિંહના પત્ની અને બે પુત્રોએ ઘરનો મોભ છીનવાતા આવી પડેલી દુઃખદ સ્થિતિમાં ૪૧ હજારની સહાય સાથી પોલીસ સ્ટાફે અર્પણ કરી માનવતા મહેંકાવી હતી. મૃતક ધર્મેન્દ્રસિંહના પરિવારે પણ આ તબક્કે આભારની લાગણી વ્યક્ત કરી હતી.

## પ્રેસ નોટ

**બારડોલીના ટીમ્બરવા ગામે હાથ-પગ બાંધેલી હાલતમાં પાણીમાં નાંખીને કરેલ ખુનના વણ શોધાયેલ ગુનાને શોધી કાઢતી બારડોલી પોલીસ**

ગઇ તા.૨૩/૦૯/૨૦૧૮ કલાક -૦૯/૩૦ થી પહેલા હરકોઇ વખતે મોજે સુરત જીલ્લાના બારડોલી તાલુકાના ટીમ્બરવા ગામે વધાવા ટેકરા ખાડીના પાણીમાં સોમા ઉર્ફે લાલુ છનાભાઇ રાઠોડ ઉ.વ.૩૨ ધંધો- ખેતમજુરી રહે. સારોલી બાવડી ફળિયુ, જુનુ હળપતિવાસ તા.ચોર્યાસી જી.સુરતનાઓને માથાના ભાગે તથા શરીરે ગંભીર ઇજા પહોંચાડી કપડા કાઢી નાખી બંને પગ દોરી વડે તથા હાથ રૂમાલ વડે બાંધી પાણીમાં ફેકી મોત નિપજાવી ગુનો કરેલ હોય જે બાબતે મરણજનારના ભાઇ અરવિંદભાઇ છનાભાઇ રાઠોડ ઉ.વ.૩૮ ધંધો - ખેતમજુરી રહે. સારોલી બાવડી ફળિયુ, જુનુ હળપતિવાસ તા.ચોર્યાસી જી.સુરતનાઓ ફરીયાદ આપતા બારડોલી પો.સ્ટે. I ગુ.ર.નં. ૧૨૧/૨૦૧૮ IPC કલમ ૩૦૨ મુજબ નો ગુનો તા-૨૩/૦૯/૨૦૧૮ ના રોજ દાખલ થયેલ.

સદર ગુનાને શોધી કાઢવા માટે ઇન્ચાર્જ પોલીસ અધીક્ષકશ્રી હૅતલ.સી.પટેલ સાહેબનાઓએ તથા નાયબ પોલીસ અધીક્ષકશ્રી જે.આઇ વસાવા સાહેબનાઓએ સુચના આપેલ તેમજ પોલીસ ઇન્પેક્ટ બારડોલી એન.એસ.ચૌહાણ સાહેબનાઓએ માર્ગદર્શન આપી ચોક્કસ દિશામાં વર્કઆઉટ કરવા માટે સુચના આપેલ

જે અનુસંધાને બારડોલી પો.સ્ટેના ડી-સ્ટાફ જમાદાર અ.હે.કો મુકેશભાઇ વેલજીભાઇ તથા અ.હે.કો ધનસુખભાઇ કરશનભાઇ તથા અ.પો.કો વિજયભાઇ માનાજીભાઇ નાઓને સંયુક્ત બાતમી મળેલ કે સુરેશભાઇ બુટાભાઇ રાઠોડ રહે.ટીમ્બરવા, તા.બારડોલી જી.સુરતનાઓની પત્ની બોબીબેન સાથે મરણજનારને આડાસંબંધ હોવાનો વહેમ રાખી આ કામના આરોપી (૧) સુરેશભાઇ બુટાભાઇ રાઠોડ રહે.ટીમ્બરવા, તા.બારડોલી જી.સુરતનાઓએ તેમના મીત્ર (૨) પરેશભાઇ ઉર્ફે લાલુ સોમાભાઇ રાઠોડ, હાલ.રહે. ટીમ્બરવા, ફાટક ફળીયું, તા.બારડોલ, જી.સુરત મુળ.રહે.તુંડી (એના), મંદીર ફળીયું, તા.પલસાણા જી.સુરત તથા તેના મીત્રો સાથે મળી એક સમાન ઇરાદો રાખી જે ઇરાદો પાર પાડવા કાવતરૂ રચી એક સંપ થઇ આ કામે મરણ જનાર સોમા ઉર્ફે લાલુ છનાભાઇ રાઠોડ નાઓને શરીરે માર મારી હાથ પગ બાંધી દઇ પાણીમાં ફેકી મોત નીપજાવેલ છે.અને હાલમાં ટીમ્બરવા ગામે ફાટક પાસે બેઠા છે.જે અનુસંધાને બારડોલી પોસ્ટેના સર્વેલન્સ સ્ટાફ તથા મોતા બીટના માણસો સાથે ઉપરોક્ત બંને આરોપીઓને પકડી પાડેલ અને તેઓની ઉંડાણ પુર્વક, યુક્તિ-પ્રયુક્તિથી સઘન પુછપરછ કરતા તેઓએ પોતાની સાથે બીજા સહ આરોપીઓ (૩) રાહુલ ઉર્ફે મેહુલ લક્ષ્મણભાઇ રાઠોડ રહે.ટીમ્બરવા, પટેલ ફળીયું, તા.બારડોલી જી.સુરત (૪) કિશનભાઇ પ્રવિણભાઇ રાઠોડ રહે.ટીમ્બરવા, ફાટક ફળીયું, તા.બારડોલ, જી.સુરત (૫) સુરેશભાઇ રમણભાઇ રાઠોડ રહે.ટીમ્બરવા, ફાટક ફળીયું, તા.બારડોલ, જી.સુરતનાઓએ સાથે મળી માથાના ભાગે તથા શરીરે ગંભીર ઇજા પહોંચાડી કપડા કાઢી નાખી બંને પગ દોરી વડે તથા હાથ રૂમાલ વડે બાંધી પાણીમાં ફેકી ખુન કરેલ હોવાનુ જણાવતા તેઓની પણ બાતમીદારો મારફતે માહીતી મેળવી તેઓને પણ પકડી પાડેલ અને તમામ આરોપીઓની ઉંડાણ પુર્વક, યુક્તિ-પ્રયુક્તિથી તથા સઘન પુછપરછ કરતા બારડોલી પો.સ્ટે. I ગુ.ર.નં. ૧૨૧/૨૦૧૮ IPC કલમ ૩૦૨ મુજબના ગુનાની

Scanned by CamScanner



## પ્રેસ નોટ

**તા-૨૮/૯/૨૦૧૮ ના રોજ ખોડીયાર પેટ્રોલપંપ ની પાછળ ખુલ્લી જગ્યા માથી ટેન્કર માથી કેમીકલ ચોરી કરતા ઈસમોને પકડી પાડતી કોસંબા પોલીસ**

મે.પોલીસ મહાનિરીક્ષક શ્રી સુરત વિભાગ સુરત તથા શ્રી હેતલબેન પટેલ ઈ.પોલીસ અધિક્ષક સુરત ગ્રામ્ય સુરત તથા શ્રી એસ.કે.વાળા વિભાગીય પો.અધિ.શ્રી સુરત વિભાગ સુરત નાઓની સુચના મુજબ હાઈવે ઉપર થી પસાર થતા ટેન્કરો માથી ચોરી થતુ કેમીકલ અંગેની તપાસમા રહીને કેમીકલ ચોરી થી લેનાર ટોળકીઓને પકડી પાડવાની આપેલ સુચના આધારે તાબાના પોલીસ માણસોને અમોએ આ અંગે સુચના આપેલ હોય જેથી આજરોજ તા-૨૮/૯/૨૦૧૮ ના રોજ પાલોદ ચોકી ઉપર ફરજ બજાવતા ASI – ગુલાબભાઈ ચિન્દાભાઈ નાઓને બાતમી મળેલ કે, મૌજે કોસંબા ગામની સીમમા હાઈવે ઉપર આવેલ ખોડીયાર પેટ્રોલપંપ ની પાછળ ખુલ્લી જગ્યામા કેમીકલ ભરેલ ટેન્કર નં - GJ-12-BT-1383ના ચાલક તથા ક્લીનર પોતાના કબજાનુ ટેન્કર ઉભુ રાખીને ટેન્કર ના પાછળ ના વાલ ના નટ બોલ્ટ ખોલીને કેમીકલ કાઢી તેની ચોરી કરીને અન્ય બીજા બે ઈસમોને પ્લાસ્ટીક ના બેરલો તથા કેરબામા ભરી આપીને જગ્યા ઉપર હાજર આઈશર ટેમ્પા નં - GJ-23-Y-9969 મા મુકતા આવેલ હોવાની મળેલ બાતમી આધારે બીજા પોલીસ ના માણસો સાથે તપાસ કરતા જગ્યા ઉપર કેમીકલ ભરેલ ટેન્કર નં - GJ-12-BT-1383 નો ચાલક - અવધેશ પરાગ પાલ જાતે ગડરીયા ઉ.વ. ૨૩ મુળ રહે.યુ.પી તથા કલીનર - ગુલફામખા નવાબખા ખાન ઉ.વ. ૧૯ નાઓ પોતાના કબજાના ટેન્કર ના પાછળ ના નટ બોલ્ટ ખોલીને તેમાથી કેમીકલ કાઢી તેની ચોરી કરીને જગ્યા ઉપર કેમીકલ લેનાર હાજર બે ઈસમો જગદીશ નેનાદાસ વૈષ્ણવ ઉ.વ. ૩૭ રહે.રાજસ્થાન તથા હારૂન મહમદ મલ્લા ઉ.વ. ૪૪ રહે.સુરત નાઓને વેચાણ થી આપતા પકડાઈ ગયેલ જેથી આ અંગે કેમીકલ ભરેલ ટેન્કર ના માલિક ને જાણ કરતા તેઓ જગ્યા ઉપર આવીને ટેન્કર ના ચાલક તથા કલીનર નાઓએ પોતે પોતાના અંગત લાભ માટે ટ્રાનસપોર્ટ તથા કેમીકલ મંગાવનાર તથા કેમીકલ ભરાવનાર નાઓની કોઈ પણ જાતની પરવાનગી વગર ટેન્કર માથી કેમીકલ કાઢીને તેની ચોરી કરી વિશ્વાસઘાત તથા છેતરપિંડી કરેલ હોવાથી તેઓ તથા કેમીકલ લેનાર બન્ને ઈસમો તથા કેમીકલ મંગાવનાર જીતુભાઈ ઉર્ફે મલ્લા રહે.કામરેજ જી.સુરત નાઓ વિરુધ્ધ ફરીયાદ આપતા કોસંબા પોલીસે જગ્યા ઉપર થી ટેન્કર માથી કાઢીને પ્લાસ્ટીકના નંગ – ૨ બેરલ મા ભરેલ કુલ – ૩૨૦ લીટર કેમીકલ કિ.રૂ.૩૨,૦૦૦/- તથા ખાલી બેરલો તથા પ્લાસ્ટીક ના કેરબા તથા કેમીકલ કાઢવાના સાધનો તથા આઈશર ટેમ્પા નં - GJ-23-Y-9969 મળી કુલ્લે રૂ. રૂ.૭,૪૨,૫૦૦/- ના મુદ્દામાલ સાથે આરોપીઓને પકડી પાડી તેઓ વિરુધ્ધ કાયદેસર કાર્યવાહી કરવામા આવેલ છે.



# 23-09-2018 To 30-09-2018 Weekly Call Detail.

| Call Grade | Category | Number of Calls | |
|---|---|---|---|
| 0 | Miss Calls | 50 | 157 |
| | Drop calls | 87 | |
| | Wrong Calls | 08 | |
| | Blank calls | 12 | |
| 1 | Information Calls | 96 | |
| 2 | Receive Calls | 169 | |
| 3 | Follow up Calls | 169 | |
| | **Total Calls** | 591 | |

| Category | Number of Calls | Total |
|---|---|---|
| Male | 279 | 591 |
| Female | 185 | |
| NA | 127 | |
| StudentStudents | 18 | |

**નંબર (૩) ટ્રાફીક અંગેના કાર્યક્રમો હાથ ધરવામાં આવેલ હોય.**

- ❖ ટ્રાફીક જનજાગૃતિ અંગે નેશનલ હાઇવે તેમજ અન્ય રસ્તાઓ ઉપર જુદા જુદા પ્રકારના સાઇન બોર્ડ લગાડવામાં આવેલ છે.
- ❖ ટ્રાફીકના એજયુકેશન બોર્ડની પબ્લીક ના સહયોગ દ્વારા ખુબજ ટુંકા ગાળામાં શરૂઆત કરવામાં આવનાર છે.

**મુદા નંબર (૪) ગુનાઓ અટકાવવા કોઇ વિશિષ્ટ કામગીરી/સ્ટ્રેટેજી અપનાવવામાં આવેલ છે.**

- ❖ નેશનલ હાઇવે નંબર ૮ ઉપર નાઇટ રાઉન્ડ દરમ્યાન સેકટરવાઇઝ ક્રોસ પેટ્રોલીંગ રાખેલ રાખવામાં આવે છે. હોટલો, ઢાબા, તેમજ વાહનોનું ચેકીંગ સઘન બનાવવામાં આવેલ છે.
- ❖ વારંવાર કોમ્બીંગ નાઇટ રાખી શક પડતા ઇસમો, એમ.સી.આર.ઇસમો, અવાવરૂ જગ્યા, રેલવે સ્ટેશન, હોટલ ધાબા, વાહન ચેકીંગ તેમજ નાકાબંધી રાખવામાં આવે છે.
- ❖ એસ.ઓ.જી.અને BDDS ની ટીમ અને આધુનિક ઉપકરણો દ્વારા જાહેર સ્થળો, વાયટલ ઇન્સ્ટોલેશન, રેલ્વે સ્ટેશન, બસ સ્ટેન્ડ, જાહેર પાર્કિંગ સ્થળો, ભીડ વાળી જગ્યાઓ, મંદીર, વિગેરે સ્થળો ઉપર અવારનવાર સઘન ચેકીંગ કરવામાં આવે છે.